ગોપીપુરાના ઐતિહાસિક જૈન દેરાસરોના વારસાને નવી પેઢી સુધી પહોંચાડવા

# 150 જૈન યુવક-યુવતીના ગ્રુપે શરૂ કરી હેરિટેજ મ્યુઝિકલ વૉક

જનરેશન Y

હેરિટેજ એ માત્ર ઈમારતો જ નથી હોતી તે એક ઐતિહાસિક વારસો હોય છે. જૂની પેઢીના સંસ્કારોનું પ્રતિક હોય છે. સુરતના ગોપીપુરા વિસ્તારમાં જૈન સંસ્કારોના પ્રતિક સમાન 44થી વધુ જૈન દેરાસરો સદીઓથી જૈન સમાજમાં સંસ્કારોનું સિંચન કરી રહ્યાં છે, પરંતુ સમય જતા આ દેરાસરોનો ઐતિહાસિક વારસો, તેની વિશેષતાઓ ભૂલાતી જઈ રહી છે. હવે દેરાસરોના વારસાને ધબકતો રાખવાની જવાબદારી આજની યુવાન પેઢીએ લીધી છે. સુરતમાં 20થી 30ની વયના યુવાનોનું એક ગ્રુપ બન્યું છે, જેનું નામ જૈનિક છે. કોઈ આર્કિટેક્ટ છે, કોઈ CA, તો કોઈ NGO સાથે સંકળાયેલા છે. ગોપીપુરાના ઐતિહાસિક દેરાસરોની હેરિટેજ વિશેષતાઓથી નવી પેઢી માહિતગાર થાય તે માટે આ ગ્રૂપ દ્વારા દર મહિને એક વાર મ્યુઝિકલ હેરિટેજ વૉકનું આયોજન કરવામાં આવે છે, જેમાં 150થી વધુ યુવક-યુવતીઓ ગોપીપુરાના એક દેરાસરથી બીજા દેરાસર પર લોકગીતો, સ્તવન ગાતા ગાતા જાય છે અને જે તે દેરાસરના વારસા અંગે સમજણ આપે છે.





## પરંપરા એ ઈતિહાસ નહીં આપણી ઓળખ છે

જૈનિક ગ્રુપના સભ્ય ખુશી કોચર કહે છે ફાસ્ટ લાઈફમાં આપણે ઐતિહાસિક વારસાને ભૂલી રહ્યાં છે, ત્યારે જૈનિક હેરિટેજ ગ્રુપનો હેતુ યુવાન પેઢીને પોતાના મૂળથી જોડવાનો છે. ગોપીપુરામાં હેરિટેજ મ્યુઝિકલ વૉકનું આયોજન કરવાનું કારણ એ કે અહીં 44થી વધુ જૈન દેરાસર, મંદિરો આવેલા છે, જે તમામ પોતાનો ઐતિહાસિક વારસો ધરાવે છે. તે અંગે નવી પેઢીને માહિતી આપવા આ ગ્રુપ બનાવાયું છે.



## હેરિટેજ વૉકમાં આકર્ષણ બનાવી રાખવા મ્યુઝિકનો સહારો લીધો છે

જૈનિક ગ્રુપના સભ્ય સંયમ શાહ કહે છે શહેરના મધ્યમાં ગોપીપુરામાં અઢળક ધાર્મિક વારસો છે. તકલીફ એ થઈ કે આપણે પ્રગતિ કરતા ગયા તેમ તેમ મૂળથી દૂર થતા ગયા. અમારી હેરિટેજ વૉકનો હેતુ એ છે કે ભૂલાયેલા ભૂતકાળને ફરી જીવંત કરવાનો છે. અમે રવિવારે હેરિટેજ વૉકનું આયોજન કરીએ છીએ. યુવાનોને આકર્ષવા હેરિટેજ વૉકમાં મ્યુઝિક ઉમેર્યું. જૂના જમાનાની પ્રભાત ફેરીની જેમ વહેલી સવારે 150 યુવક-યુવતીઓ ગીતો ગાતા ગાતા એક દેરાસરથી બીજા દેરાસર પર જઈએ છીએ. મ્યુઝિકના લીધે આરંભથી અંત સુધી બે કલાક 150 યુવક-યુવતીઓ જોડાયેલા રહ્યાં. લોકોને ભૂલાઈ ગયેલા ઈતિહાસથી માહિતગાર કરાયા છે.



## યુવાનો જવાબદારી લેશે તો હેરિટેજ સચવાયેલું રહેશે

સિદ્ધી શાહ કહે છે હેરિટેજમાં સમાવિષ્ટ ઈમારતોની માત્ર જાળવણી કરવાથી નહીં ચાલે. તેના વારસાને સમજવો પણ જરૂરી છે. નવી પેઢીને, આવનારી પેઢીઓને હેરિટેજના વારસા અંગે સમજ આપવી જરૂરી છે. તે માટે જ અમે હેરિટેજ મ્યુઝિકલ વૉક શરૂ કરી છે. હાલમાં ગોપીપુરાના દેરાસરોને સાંકળી લેતી હેરિટેજ વૉક થઈ રહી છે, ભવિષ્યમાં નાનપુરા, નાણાવટ સહિત શહેરના અન્ય વિસ્તારોને પણ આ મ્યુઝિકલ હેરિટેજ વૉકમાં આવરી લઈશું કારણ કે અમે માનીએ છીએ કે આજે યુવાનો જવાબદારી લેશે તો હેરિટેજ કાલે સચવાયેલું રહેશે.

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...**




## અમે તો જાહેર કરી દીધી છે 'રેવડી', તમે વિચારો કે કેવી રીતે તેને મેળવવી...

આવી છે ચૂંટણીની મોસમ, વચનો અને દાવાઓની લ્હાણીની મોસમ... કરાય છે વાયદા અનેક, ભલે પછી ના પળાય એક... લલચાવવા મતદારોને, મેળવવા એક-એક મત, નેતાઓ સતત રહે છે વાતોના વડામાં જ મસ્ત... પાળવાના હોતા નથી એક પણ વચન, છતાંય મંચ પર હંમેશાં કરાય છે આવાં વચનોનું મંચન... તંત્રની તિજોરી ભલે થતી ખાલી, અમે તો આપીશું યોજનાઓ વ્હાલી-વ્હાલી... 'રેવડી'ઓ આપવાનું છે ઉમેદવારોનું ચલણ, કેમ કરું? કેવી રીતે કરું? કોને મત આપું? તેની છે મતદારોને મોટી મૂંઝવણ...

**સૈયદપરાની સાંકડી ગલીઓ અને ટ્રાફિકના ઘોંઘાટ વચ્ચે એક એવું સ્થાપત્ય છુપાયેલું છે, જેણે સદીઓથી તાપીના પૂર અને સમયના પ્રહાર ઝીલ્યા છે. શું તમે જાણો છો કે સુરતના રક્ષક ગણાતા ખુદાવંદ ખાન વાસ્તવમાં એક રોમન કેથલિક હતા? એક મસ્જિદ જેની કોતરણીમાં જૈન દેરાસરના અવશેષોનો ઈતિહાસ ધરબાયેલો છે અને જેનું કનેક્શન ઈજીપ્તથી લઈને દીવના કિલ્લા સુધી ફેલાયેલું છે. સુરતના કિલ્લાના સર્જક અને રક્ષકની રોમાંચક દાસ્તાન જાણવા વાંચો આ સપ્તાહનો 'વિસરાયેલો વારસો'.**

મરજાન શામી (ખુદાવંદ ખાન)નો રોજો...



# સૈયદપરાની ધરોહર: મરજાન શામીની મસ્જીદ અને સૂરતના રક્ષક ખુદાવંદ ખાન




સૂરતના હ્રદય સમાન ગણાતા તળ વિસ્તારમાં આજે પણ ઇતિહાસના એવા પાના દટાયેલા છે, જેની ગાથા સાંભળતા જ ભવ્ય સુરતની જાહોજલાલી નજર સામે તરી આવે. સૈયદપરાની ગીચ ગલીઓ અને ટ્રાફિકના પ્રવાહમાંથી પસાર થતા જ અચાનક તમારી નજર એક ભવ્ય મસ્જિદ પર સ્થિર થશે - આ છે મરજાન શામીની મસ્જીદ. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા સુરક્ષિત આ સ્થાપત્ય માત્ર પથ્થરોનો ઢગલો નથી, પણ સોળમી સદીની ઇન્ડો-ઈરાનીયન શૈલીનો એક જીવંત દસ્તાવેજ છે.

આ સ્થાપત્યની સૌથી મોટી વિશેષતા તેનું કાષ્ઠકામ છે. વર્ષો વીતી ગયા, વિનાશક રેલ આવી અને દિવસો સુધી સૈયદપરા પાણીમાં ગરકાવ રહ્યું, છતાં આ લાકડાનો મકબરો આજે પણ કાળની થપાટો સહીને અડીખમ ઊભો છે. મસ્જિદ પર લાગેલી હિજરી ૭૩૬ (ઈ.સ. ૧૩૩૫)ની તકતી અને પથ્થર-લાકડા પરની કલાત્મક કોતરણી કોઈનું પણ મન મોહી લે તેવી છે. અહીં ઝીણવટથી જોતા હિંદુ અને મુસ્લિમ મિશ્ર શૈલીના દર્શન થાય છે. 'સૂરત સોનાની મૂરત' પુસ્તક મુજબ, આ મસ્જિદના નિર્માણમાં તેરમી સદીના પ્રાચીન પાર્શ્વનાથ ચિંતામણી જૈન દેરાસરના કોતરણીકામનો ઉપયોગ થયો છે, જે દેરાસર આજે પણ આ ગલીના છેડે અસ્તિત્વ ધરાવે છે.


ખુદાવંદ ખાન

જોકે, આ ભવ્ય સ્થાપત્યની અસલી ઓળખ તો તેના નામ સાથે જોડાયેલી છે. ભલે બોર્ડ પર 'મરજાન શામી'નું નામ હોય, પણ અસલ સુરતીઓ તેને 'ખુદાવંદ ખાનના રોજા' તરીકે જ ઓળખે છે. આ મરજાન શામી કોણ હતા? તેઓ ભરૂચના સેનાપતિ હતા જે ચંગીઝ ખાનની સેવામાં હતા અને ઈ.સ. ૧૫૬૦માં દમણના યુદ્ધમાં શહીદ થયા હતા.

પરંતુ, સુરતની કથા જેના વિના અધૂરી છે તે નામ છે 'ખ્વાજા સફર સલમાની' ઉર્ફે ખુદાવંદ ખાન. ઈટાલીમાં એક રોમન કેથલિક પરિવારમાં જન્મેલા સફર સલમાનીની જીવનયાત્રા કોઈ ફિલ્મી પટકથા જેવી છે. નૌસેનાપતિ સુલેમાન પાશાએ તેમને સમુદ્રમાં કેદ કરી મિસર (ઇજિપ્ત)ના દરબારમાં રજૂ કર્યા. ત્યાં પોતાની અસાધારણ પ્રતિભાના જોરે તેઓ કોષાધ્યક્ષ બન્યા અને સુલતાનની સલાહથી ધર્મ પરિવર્તન કરી 'ખ્વાજા સફર' બન્યા.

ઈ.સ. ૧૫૨૭થી ૧૫૪૬ દરમિયાન ગુજરાતના સુલતાનોના શાસનમાં તેઓ એક પ્રખર રાજનીતિજ્ઞ અને નૌસેનાપતિ તરીકે ઉભરી આવ્યા. પોર્ટુગીઝો સાથેના વ્યાપારિક સંબંધો સાચવવાની સાથે સુરતની સુરક્ષા કાજે તેમણે જ 'સૂરતના કિલ્લા'નું નિર્માણ કરાવ્યું હતું.

ખુદાવંદ ખાનનું મૃત્યુ પણ એક યોદ્ધાને શોભે તેવું હતું. ઈ.સ. ૧૫૪૬માં દીવના કિલ્લાના નિરીક્ષણ દરમિયાન એક તોપગોળો વાગવાથી તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું. તેમના પુત્ર રજબ રૂમીખાને સુરતમાં પિતાની યાદમાં આ ભવ્ય રોજો બનાવડાવ્યો. આ સ્થાપત્યના શિલાલેખમાં તેમને 'પવિત્ર, ઉદાત્ત અને મહામહીમ' કહીને અંજલિ આપવામાં આવી છે. સૈયદપરાની આ ધરોહર આજે પણ સુરતના રક્ષકની વીરતાની સાક્ષી પૂરે છે.


સુરતનો કિલ્લો જે ખુદાવંદ ખાને બંધાવ્યો હતો...

વારસાની વરિયાળી


આ મસ્જિદના લાકડાંએ ઘણી સમયની થપાટો સહી છે. વારંવાર આવતી તાપીની રેલ અને સમગ્ર સૂરતને ગ્રસી ગયેલી આગજની, છતાં આ લાકડાંને આટલાં વર્ષોથી કોઈ નુકસાન નથી પહોંચ્યું અને આટલાં વર્ષોથી આ લાકડામાં ઊધઈ કે બીજા કોઈ સડો નથી લાગ્યો એ આશ્ચર્યની વાત છે.

# સંસ્કૃતમાં લખાયેલ દુર્લભ હસ્તપ્રતો ભવિષ્યમાં ડી-કોડ થાય તો...

આ વિષયનો ફેસબુક વિડીયો જોવા માટે QR કોડ સ્કેન કરો

હેરિટેજ એટલે માત્ર જૂના સ્થાપત્યો જ નહિ, પણ પુસ્તકો ય ખરા. જૂની હસ્તપ્રતો - એટલે કે મેનુસ્ક્રિપ્ટ, દુર્લભ પુસ્તકો, પ્રાચીન ગ્રંથો વગેરે પણ સાંસ્કૃતિક વારસો જ ગણાય અને સુરતના આમલીરાન ખાતે આવેલી સૂર્યપુર સંસ્કૃત પાઠશાળા આવા જ સમૃદ્ધ વારસાનું સંવર્ધન કરી રહી છે. અહીં હિંદુ અને જૈન સંસ્કૃતિના ચાલીસ હજારથી વધુ પુસ્તકો છે. એમાંય બહુધા તો દેવનાગરી લિપીમાં લખાયેલા છે. અહીં મોટા ભાગના પુસ્તકો સંસ્કૃત ભાષાના છે. 19મી સદીના પ્રથમ દશકામાં દેવનાગરી ભાષામાં પ્રિન્ટીંગ શરુ થયું. ઠેઠ એ સમયગાળા દરમિયાન છપાયેલા પુસ્તકો-પોથીઓ અને વેદો પણ તમને અહીં મળી આવે. આ તો થઇ મુદ્રિત-એટલે કે છપાયેલા પુસ્તકોની વાત. પરંતુ પાઠશાળાનો મુખ્ય ખજાનો એટલે 318 જેટલી હસ્તલિખિત પ્રતો. એ વખતે દેવદારના વૃક્ષના માવામાંથી કાગળ બનતો. કાળા મગને ઘણા દિવસ સુધી પાણીમાં પલાળી રખાતા. આથો આવે એટલે લોઢાના પાત્રમાં એની પેસ્ટ બનાવીને લ્હાય, જાવંત્રીના ફૂલ વગેરે ઉમેરવામાં આવતું અને એ રીતે તૈયાર થતી કાળી ઘટ્ટ શાહી. આજે ય આ પાના પર પડેલા અક્ષરો પ્રિન્ટીંગ પ્રેસને શરમાવે એટલા કાળા દેખાય છે. સૂર્યપુર સંસ્કૃત પાઠશાળા પાસે આવી 300 ઉપરાંત હસ્તલિખિત પોથીઓ ઉપલબ્ધ છે. એક જમાનામાં વિદ્વાનો સદીઓ જૂના હસ્તલિખિત પુસ્તકો પોતાના ઘરોમાં સાચવી રાખતા અને એ રીતે પેઢી દર પેઢી જ્ઞાનવારસાનું સંવર્ધન થતું. પણ અનેક વિદ્વાનોને એવી ચિંતા રહેતી કે પોતાના ગયા પછી નવી પેઢી જ્ઞાનવારસાનું મહત્વ સમજશે ખરી? ઈ.સ. ૧૯૦૧માં સુરતના આમલીરાન ખાતે સૂર્યપુર સંસ્કૃત પાઠશાળા શરુ થઈ એ સાથે જ વિદ્વાનોની એ ચિંતાનો અંત આવ્યો. એ વખતે દક્ષિણ ગુજરાતમાં વસતા અનેક વિદ્વાનોએ પોતાની પાસે રહેલી મૂલ્યવાન હસ્તલિખિત પ્રતો પાઠશાળાને સાચવવા આપી, જેથી સંસ્કૃત ભણવા આવનાર વિદ્યાર્થીઓ એનું મૂલ્ય સમજી શકે. પછી તો વર્ષોવર્ષ આ સિલસિલો ચાલતો રહ્યો અને આજે 125 વર્ષ બાદ પાઠશાળાની લાઈબ્રેરી પાસે સદીઓ જૂના હજારો પુસ્તકો અને સેંકડો હસ્તલિખિત દુર્લભ પ્રતોનો ખજાનો છે. આ દુર્લભ પોથીઓના પાના વચ્ચે તમાલપત્ર, તમાકુની ખડી વગેરે જેવા દ્રવ્યો મૂકવામાં આવે છે, જેથી વાતાવરણ અને જીવાતની અસરોથી એને બચાવી શકાય.



## કઈ કઈ પોથીઓ છે?

સંખ્યાબંધ હસ્તલિખિત પોથીઓના લીસ્ટમાં કેટલીક મહત્વની પોથીઓ નીચે મુજબ છે.

* માર્કંડેય પુરાણ - પુરાણ
* પદ્મપુરાણ - પુરાણ
* વિવાહ કૌમુદી - વૈદિક વિવાહ પદ્ધતિ
* કર્મકાંડ ભાસ્કર - કર્મકાંડી વિધિઓ
* શાક્ત પ્રમોદ - તંત્રવિજ્ઞાન
* શ્રીવિદ્યા રહસ્યમ - તંત્રવિજ્ઞાન
* સપ્તશતિ - સાતસો શ્લોકનો ચંડીપાઠ
* કલ્પસૂત્ર - વેદના અંગ ગણાતા કલ્પસૂત્રો
* રેખાશાસ્ત્ર - જ્યોતિષનો ગ્રંથ

## હજારો પાનાની દળદાર શ્રીધરી ભાગવત



સૂર્યપુર સંસ્કૃત પાઠશાળાના પ્રધાનાચાર્યશ્રી કાંતિભાઈ ભટ્ટ અહીંની લાઈબ્રેરીમાં સચવાયેલ અનેક હસ્તલિખિત પોથીઓ વિષે કડકડાટ માહિતી આપી શકે છે. આવી જ એક પોથી એટલે શ્રીધરી ભાગવત. ભાગવત પર અનેક જ્ઞાનીઓએ ભાષ્યો લખ્યા છે, એમાં વિદ્વાન અભ્યાસુ શ્રીધર સ્વામીનું નામ મોખરે મૂકવું પડે. 14મી-15મી સદી દરમિયાન એમણે ભાગવત પર ટિપ્પણી લખેલી, જે શ્રીધર ભાગવત તરીકે પ્રસિદ્ધ થઇ. એ વખતે પ્રિન્ટીંગ તો હતું નહિ, એટલે ભાષ્યકાર બોલે એ મુજબ લહિયાઓ વૃક્ષની ડાળખીમાંથી બનાવેલ કલમ વડે કૃતિઓ લખતા. શ્રીધર ભાગવતની આવી જ એક હસ્તલિખિત પોથી સૂર્યપુર સંસ્કૃત પાઠશાળામાં સચવાયેલી છે. આશરે 2500થી વધુ પાનાઓ પર લખાયેલ આ કૃતિ દ્વાદશ (એટલે કે બાર) સ્કન્ધો અને ૩૩૫ અધ્યાયોમાં વહેંચાયેલી છે. કુલ શ્લોકોની સંખ્યા છે અઢાર હજાર!



## આ વારસાનું ભવિષ્ય શું?

સૂર્યપુર સંસ્કૃત પાઠશાળા પાસે દાતાઓના સહયોગથી મળેલું ડિજીટલ સ્કેનર ઉપલબ્ધ છે, જેના દ્વારા મેનુસ્ક્રિપ્ટનું સ્કેનિંગ અને ડિજીટલાઈઝેશન ચાલી રહ્યું છે. આ પ્રોસેસ દરમિયાન જર્જરિત પાનાઓને એક-એક કરીને સ્કેન કરવામાં આવે છે. લાઈબ્રેરી સાયન્સ ક્ષેત્રે વપરાતા સોલ (soul) નામક સોફ્ટવેર દ્વારા સ્કેન થયેલ ડેટા વ્યવસ્થિત રીતે સેવ થાય છે. જો આ સમગ્ર હસ્તલિખિત ડેટા વ્યવસ્થિત રીતે ડિજીટલાઈઝ થઇ જશે, તો આવનારી પેઢી મોબાઈલ અને કોમ્પ્યુટર જેવા ઉપકરણો દ્વારા આ ડેટાનો અભ્યાસ કરી શકશે. અત્યારે સંસ્કૃત ભાષામાં લખાયેલ અઘરા લખાણો આપણને ભલે ન સમજાય, પણ ભવિષ્યમાં કોઈ જનરેશન આલ્ફા કે જનરેશન બીટાનું ફરજંદ ટેકનોલોજી અને સંસ્કૃતના સમન્વય દ્વારા આ શ્લોકોને ડીકોડ કરીને નવું જ સંશોધન કરે એવું ય બને.